ક્રમાંક:રાપબો/ડી.એલ.એડ/પ્રથમ વર્ષ પરીણામ/૨૦૨૦/૪૧૫૪-૧૦૫૨

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે
સેકટર-૨૧, ગાંધીનગર
તા.૧૪/૧૨/૨૦૨૦

જાહેરનામું:-

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સને ૨૦૧૯-૨૦ ના વર્ષ દરમિયાન ડી.એલ.એડ. અભ્યાસક્રમની પરીક્ષા અંગેનું જાહેરનામું ક્રમાંક/રાપબો/D.El.Ed./૨૦૧૯-૨૦/૬૯૦૭-૭૦૭૧, તારીખ:૨૬/૧૨/૨૦૧૯ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. પરંતુ સમગ્ર દેશમાં માર્ચ -૨૦૨૦ થી કોરના વાયરસ કોવિડ-૧૯ ને કારણે સર્જાયેલી મહામારી પરીસ્થિતિને કારણે તા:૨૬/૧૨/૨૦૧૯ ના રોજ પ્રસિદ્ધ કરવામા આવેલ જાહેરનામાં અનુસાર પરીક્ષાનુ આયોજન થઈ શક્યું ન હતુ.

જેથી D.El.Ed. અભ્યાસક્રમની પરીક્ષાનું સુધારેલું જાહેરનામું તારીખ:૧૬/૦૯/૨૦૨૦ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. જેના અનુસંધાને D.El.Ed. - પ્રથમ વર્ષ તમામ ઉમેદવારોને મેરિટ બેઈઝડ પ્રોગ્રેશન આપવામા આવેલ છે.

ડી.એલ.એડ. પ્રથમ વર્ષ પરીક્ષાનું પરિણામ આજ રોજ તા:૧૪/૧૨/૨૦૨૦ એ નીચે મુજબની વિગતે જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | પ્રથમ વર્ષ નિયમિત | પ્રથમ વર્ષ પુનરાવર્તિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | નોંધાયેલ તાલીમાર્થી | ૨૭૫૯ | ૨૬૭ | ૩૦૨૬ |
| ૨ | પાસ થયેલ તાલીમાર્થી | ૨૫૯૨ | ૨૬૩ | ૨૮૫૫ |
| ૩ | ગ્રેસિંગ સાથે પાસ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | અનામત પરિણામ | ૧૬૭ | ૪ | ૧૭૧ |
| ૫ | કુલ પાસ | ૨૫૯૨ | ૨૬૩ | ૨૮૫૫ |
| ૬ | પરિણામની ટકાવારી | ૯૫.૬૫% | ૯૮.૨૫% | ૯૫.૯૭% |

પ્રથમ વર્ષના પ્રસિદ્ધ કરેલા "મેરિટ બેઈઝડ પ્રોગ્રેશન" આધારિત પરિણામથી જે ઉમેદવારને સંતોષ ન હોય તેઓની રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજીત તમામ વિષયોની લેખિત પરીક્ષા લેવાશે જેથી આ ઉમેદવારોએ નિયત (નમુના) ફોર્મમાં અત્રેની કચેરીને તા:૨૪/૧૨/૨૦૨૦ સુધીમા સંસ્થા મારફતે મોકલી આપવાનુ રહેશે.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ,
ગાંધીનગર

પ્રતિ,

- આચાર્યશ્રી, ડી.એલ.એડ. કોલેજો (સંબધિત)

નકલ સવિનય રવાના જાણ સારૂ:

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- માન. રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.